# કૃષિ ગોષ્ઠી "સજીવ ખેતી"

કૃષિ મહાવિદ્યાલય, વસો ખાતે બં. અ. કૃષિ મહાવિદ્યાલય, આણંદ કૃષિ યુનિવર્સીટી, આણંદ અને આત્મા પ્રોજેકટ, જિ. ખેડા ના સંયુક્ત ઉપક્રમે સ્ટુડન્ટ રેડી પ્રોગ્રામ અંતર્ગત વિદ્યાર્થીઓ દ્વારા તારીખ ૧૮ સપ્ટેમ્બર ૨૦૧૯ ના રોજ કૃષિ ગોષ્ઠી નો કાર્યક્રમ યોજવામાં આવ્યો. આ કાર્યક્રમમાં મુખ્ય મેહમાનશ્રી તરીકે ડો. એમ.વી.પટેલ, આચાર્ય અને વિધ્યાશાખાધ્યક્ષશ્રી, બી.એ.સી.એ., આ.કૃ.યુ., આણંદ હાજર રહયા હતા તથા અન્ય અતિથી વિશેષમાં ડો.વાય.એમ.શુકલા, આચાર્યશ્રી, કૃષિ મહાવિદ્યાલય, આ.કૃ.યુ.,વસો, ડો.એન.બી.ચૌહાણ, પ્રાધ્યાપક અને વડા, વિસ્તરણ વિભાગ, બી.એ.સી.એ., આ.કૃ.યુ., આણંદ, ડો .બી.ડી.પટેલ, પ્રાધ્યાપક અને વડા, એગ્રોનોમી વિભાગ, બી.એ.સી.એ., આ.કૃ.યુ., આણંદ, ડો. પી.એમ.પટેલ, સહપ્રાધ્યાપક, એગ્રોનોમી વિભાગ, બી.એ.સી.એ., આ.કૃ.યુ., આણંદ, ડો.પી.આર.દવે, નાયબ ખેતી નિયામક શ્રી, આત્મા પ્રોજેકટ, ઠાસરા, ડો. એચ. એચ. સીતાપરા, મદદનીશ પ્રાધ્યાપક, બાગાયત વિભાગ, બી.એ.સી.એ., આ.કૃ.યુ., આણંદ, શ્રી હિમાંશુભાઈ ત્રિવેદી, નાયબ ખેતી નિયામક શ્રી, જિ. ખેડા, ડો.એન.ડી.પટેલ, મદદનીશ પ્રાધ્યાપક(ગણિત), બેઝીક સાયન્સીઝ અને હ્યુમેનીટીઝ વિભાગ, બી.એ.સી.એ., આ.કૃ.યુ., આણંદ અને બીજા અધિકારીઓ તથા ૧૪૩ જેટ્લા ખેડુતો અને ડિપ્લોમાનાં વિદ્યાર્થીઓ આ પ્રસંગે હાજર રહયા. તદુઉપરાંત હાજર રહેલા ખેડુતોમાંથી સેન્દ્રીય ખેતી કરનાર ખેડુત મહેન્દ્રભાઇ પટેલ અને ઉમેશગીરી ગોસ્વામી એ પણ એમનાં અનુભવ વર્ણવ્યા હતા. તે ઉપરાંત સ્ટુડન્ટ રેડી પ્રોગ્રામ અંતર્ગત વિદ્યાર્થીઓ દ્વારા સજીવ ખેતી ઉપર નાટક રજુ કર્યું હતુ. તે ઉપરાંત વિદ્યાર્થીઓ એ અલગ–અલગ વિષય જેવા કે ગૌમાતા નું મહત્વ, વર્મીકમ્પોસ્ટ, લીલો પડવાશ અને વિવિધ ખોળ અને બાયો-ફર્ટીલાઇઝર ના ઉપયોગ ઉપર પ્રકાશ પાડયો હતો. આ ઉપરાંત કાર્યક્રમના અંતે બધા ખેડુતોને ટ્રાયકોડર્માં પાઉડર(૫૦૦ ગ્રામ) અને "**સજીવ ખેતી પ્રકૃતિના સથવારે**" પુસ્તક તથા અન્ય સંલગ્ન સાહિત્ય એમ કરીને આખી કીટ વિના મુલ્યે આપી હતી. સદર કાર્યક્રમનું સંચાલન ડો. પી.એમ.પટેલ, સહપ્રાધ્યાપક, એગ્રોનોમી વિભાગ, બી.એ.સી.એ., આ.કૃ.યુ., આણંદ ના માર્ગદર્શન હેઠળ સ્ટુડન્ટ રેડી પ્રોગ્રામ અંતર્ગત 7th સેમ. ના વિદ્યાર્થીઓ, બી.એ.સી.એ., આ.કૃ.યુ., આણંદ દ્વારા સુચારુ રૂપે કરવામાં આવેલ હતું.










Jointly organize by
B.A. College of Agriculture, AAU
ATMA Project, Dist. Khed

